## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આ સાધુ પણ એમ જ કહે છે કે ખોટી વ્યક્તિ પર વિશ્વાસ રાખ્યો...

# ગાંધીનગર જિલ્લાને વૃક્ષાદિત કરવા પર્યાવરણપ્રેમીઓને કલેકટરની અપીલ

## ગાંધીનગર જિલ્લામાં ૭૧મા વન મહોત્સવમાં ૪ લાખ રોપાઓના વિતરણનું આયોજન ૭૧મા વન મહોત્સવની જિલ્લા કક્ષાની બેઠક યોજાઇ

ગાંધીનગર, તા. ૨૫

૭૧મા વન મહોત્સવની જિલ્લા કક્ષાના આયોજનની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્યએ ઉપસ્થિત અધિકારીઓ અને સંસ્થાઓના પ્રતિનિધિઓને ગાંધીનગર જિલ્લાને વૃક્ષાદિત કરી પર્યાવરણને શુદ્ધ બનાવવા અપીલ કરી છે.

કલેકટરશ્રી ડૉ.કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું કે વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક તો છે જ પણ તેમાંથી કેટલાનો ઉછેર થાય છે તે મહત્વનું છે બિન સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગર પાલિકા ને વન વિભાગ દ્વારા મફત રોપાઓનું વિતરણ કરવામાં આવશે. આ રોપાઓનો પાંચ વર્ષ સુધી ઉછેર ઉપર ધ્યાન આપવામાં આવે તો ખરેખર ગાંધીનગરને આપણે હરિયાળુ બનાવી શકીશું. કલેકટરશ્રીએ વ્યકિતગત રીતે ખેડૂતો, શાળાઓ, પંચાયતો, હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય, કેન્દ્રો, ઔધોગિક એકમો, રોડની બંને સાઈડ, કેનાલોની સાઈડ તેમજ ખરાબાની ખુલ્લી જગ્યાઓ પર શકય તેટલા મહત્તમ રોપા વાવવાનું આયોજન કરવા જણાવ્યું હતું.

જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન વિતરણ કરવામાં આવનાર રોપના દરની વિગતો આપતાં નાયબ વન સંરક્ષકશ્રી એન.એન.ડામોરે જણાવ્યું કે, ગાંધીનગર માણસા, દહેગામ અને કલોલ તાલુકામાં નર્સરીઓમાંથી રોપા મળેવવા માટે સરકારશ્રીની જોગવાઈ મુજબ ૧૨૮૨૦ સે.મી.ની. પોલીથીન બેગમાં આર્યુવેદિક , ફુલછોડ અને વેલા વગેરે પ્રકારના રોપા તથા ૧૫૮૨૫ સે.મી.ની. પોલીથીન બેગમાં સ્થાનિક રીતે મળી આવતા વિવિધ વૃક્ષની જાતોના રોપા ઉછેરાશે તથા આ પ્રકારની થેલીના રોપાનું મફત વિતરણ કરાશે. કોઈપણ વ્યકિત / સંસ્થાને પોતાના ઉપયોગ માટે જોઈએ તેટલા રોપા મફત આપવામાં આવશે અને ૧૦૦ થી વધુ રોપા ઉછેરનારને માર્ગદર્શન આપવામાં આવશે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં ઓબીસીના મંત્રી પદે શહેરના રમેશ દેસાઈની નિમણુંક

ગાંધીનગર, તા.૨૫

ઓલ ઈન્ડીયા કોંગ્રેસ સમિતિ, ઓબીસી વિભાગના ચેરમેન તામ્રધ્વજ સાહુજીની સુચના મુજબ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ



સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા તેમજ ગુજરાત વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીની ભલામણથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી ચેરમેન ઘનશ્યામભાઈ ગઢવી દ્વારા ગાંધીનગર શહેરના અગ્રણી રમેશભાઈ.સી.દેસાઈની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં ઓબીસીના મંત્રી પદે નિમણુંક કરવામાં આવી છે. આ નિમણુંકને ગુજરાત પ્રદેશ બક્ષીપંચના હોદેદારો, તેમજ ગાંધીનગર શહેરના -જિલ્લા કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો, સમાજના મિત્રો, વેપારીઓ, અને અન્ય સમાજના આગેવાનો સહિત તેઓને આવકારી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની ટેક્ષ ભરવા માટેની ઓનલાઈન સેવામાં ટેકનીકલ ખામી ઉભી થઈ હોવાથી છેલ્લા બે દિવસથી લોકો પરેશાન થઈ રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે ડિસ્ટ્રીક્ટ મીનરલ ફાઉન્ડેશનની એક મહત્વની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૮ તલાટીને સર્કલ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપતાં તલાટી સંવર્ગની જગ્યાઓ વધુ ખાલી પડવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં આજે બપોરના સમયે હળવા વરસાદના ઝાપટા પછી બફારો વધી જતાં નગરજનો ત્રાહિમામ પોકારી ગયા હતા.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગે દિલીપકુમાર રાણા જે નાયબ મ્યુ. કમિશનર તરીકે અમદાવાદમાં ફરજો બજાવે છે તેમને ટ્રાયબલ કમિશનરનો વધારાનો હવાલો સોંપ્યો છે.
- રાજયના સામાન્ય વહીવટ વિભાગે આજે વધુ બે નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીઓને એક એક વર્ષના કોન્ટ્રેક્ટ પર નિમણુંકો આપતા હુકમો કર્યા છે.

# કોરોના પોઝિટીવ થયેલા યુવા તબીબ સાજા થતાં જ ફરી કોરોના સામે જંગે ચઢયાં

## સાજા થયાના ૧૫ દિવસ બાદ સગા ભાઈના લગ્ન હોવા છતાં ફરજને પ્રાધાન્ય આપ્યું ડો. દ્રોણ ત્રિવેદીની પ્રતિબદ્ધતાએ દર્દીઓમાં પણ ઉત્સાહ પુરવાનુ કામ કર્યું

ગાંધીનગર, તા. ૨૫

શું તમે કલ્પના કરી શકો છો કે એક યુવાન પોતાનો તબીબી અભ્યાસક્રમ અને તેની ઈન્ટર્નશીપ પુરી કરી ''ડૉક્ટર'' તરીકેની લાયકાત પ્રાપ્ત કરવા સાથે જ સરકારી નોકરી પ્રાપ્ત કરી તુરંત જ કોરોના વાઈરસ જેવી મહામારીના દર્દીઓની સારવાર કરવા લાગે અને આ દરમ્યાન પોતે જ કોરોના વાઈરસનો ભોગ બને પરંતુ તેમાંથી



સાજો થાય ત્યારે ઘરના આંગણે પોતાના સગા મોટા ભાઈના લગ્નના ઢોલ ઢબુકતા હોય છતાં ફરી તે કોરોનાના દર્દીઓની સારવાર કરવા ફરજ પર હાજર થઈ જાય ? આ વાત માન્યામાં આવે તેવી નથી પરંતુ ગાંધીનગરના એક યુવાન તબીબ ડૉ. દ્રોણ ત્રિવેદીએ હકીકતમાં સાચી ઠેરવી દેખાડી છે અને એક સાચા કોરોના વોરિયર તરીકે તેમની પ્રતિબદ્ધતાથી સૌ કોઈ અચંબિત છે.

હજુ તો રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી પોતાનો એમબીબીએસનો ઈન્ટર્નશીપ સહિતનો અભ્યાસક્રમ તા. ૧૯મી માર્ચ ૨૦૨૦ના રોજ પુરો કર્યો ત્યાં તેના બરાબર એક માસ પછી એટલે કે તા. ૧૯મી એપ્રિલે તેમણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે નોકરી પ્રાપ્ત કરી અને તેમને કોરોના વોર્ડમાં જ પોસ્ટીંગ આપવામાં આવ્યું ત્યારે ગાંધીનગરમાં ૧૪ કેસ કોરોના પોઝિટીવ નોંધાયા હતા. પોતાની પહેલી જોબ દરમ્યાન જ તેમને કોરોનાના સામાન્ય, શંકાસ્પદ અને વેન્ટિલેટર્સ સુધીના તમામ દર્દીઓ સાથે કામ કરવાનો અનુભવ પ્રાપ્ત થયો જેમાંથી તેમને ઘણુ શીખવા મળ્યુ છે તેવુ કબૂલ કરતા ડૉ. દ્રોણ ત્રિવેદીએ તેમને કોરોના પોઝિટીવ આવ્યો ત્યારે છેલ્લી ડયુટી આઈસીયુમાં કરી હતી જયાં કોવિડ-૧૯ના ગંભીર કેસોની સારવાર કરવાની હતી. આ સારવારમાં દર્દીઓને જયારે ''બાઈપેપ''નું મશીન લગાડવું પડે જે દર્દીની શ્વાસોશ્વાસની ક્રિયાની તકલીફમાં જરૂર પડે છે તે દરમ્યાન સૌથી જોખમી રીતે દર્દીના સંપર્કમાં તબીબે આવવું પડે છે અને આ સમયે તેમણે પહેરેલી પીપીઈ કીટના ફેસ શિલ્ડ નીચેથી પણ દર્દીના શ્વાસ તેમના ચહેરા પર આવી જાય છે. ડૉ. દ્રોણે આ સારવાર ત્રણેક દર્દીને આપવાની થઈ હતી. આ પછી તેમને પોતાને લક્ષણો જણાતા તેમણે પોતાની સાત દિવસની ફરજના અંતે પોતાનો કોવિડ ટેસ્ટ

● અનુસંધાન પાના ૭ પર




પેટ્રોલ-ડીઝલના રોજેરોજ વધતા ભાવોના કારણે ધીમે ધીમે સામાન્ય પ્રજાજનમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. હજુ કમાવાના કંઈ ઠેકાણા નથી ત્યાં પેટ્રોલ-ડીઝલનો સતત વધી રહેલો ખર્ચો સામાન્ય પ્રજાને ડામ જેવો લાગી રહ્યો છે. ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવિણસિંહ ઠાકોર તેમજ ગાંધીનગર તાલુકા કોંગ્રેસની ઓબીસી સમિતિના જિલ્લા પ્રમુખ કાળુજી ઠાકોરની આગેવાનીમાં સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં પ્રદર્શન યોજવામાં આવ્યા હતા અને પેટ્રોલ-ડીઝલના સતત વધી રહેલા ભાવો સામે આક્રોશ વ્યક્ત કરાયો હતો.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૫/૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ તાલુકાના નવીન આંગણવાડી મકાનના બાંધકામના કામો, સી.સી. રોડ તથા ડીપ જેની અંદાજીત રકમ રૂ. ૬.૪૧ લાખથી રૂ. ૪૯.૯૧ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૯/૬/૨૦૨૦ થી તા. ૧૩/૭/૨૦૨૦ સુધીમાં ટેન્ડર ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસબોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાની મળી શકશે.

નામાનિ/હિંમત/૯૫-૨૦૨૦

**ખોરાક અને ઔષક નિયમન તંત્ર**

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**વાહનની જાહેર હરાજી**

કમિશનરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, પ્રથમ માળ, ગાંધીનગર કચેરી હસ્તકનું સરકારી વાહન નં. જીજે-૧૮-જી-૨૩૬૫_છફઈઈછ મોડલ ૨૦૦૮ની જાહેર હરાજી જ્યાં છે ત્યાં જે હાલતમાં છે તે હાલતમાં હરાજીથી વેચાણ કરવાની છે. જાહેર હરાતી તા. ૧૪/૭/૨૦૨૦ રોજ ૧૪.૦૦ કલાકે કરવાની છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા બીડરે હરાજી શરૂ થતાં પહેલા રૂ. ૧૦,૦૦૦/-નો ચેક કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરના નામનો જમા કરાવવાનો રહેશે. વિશેષ માહિતી / માર્ગદર્શન માટે અત્રેની કચેરીના વહિવટી અધિકારીશ્રી આર. બી. વડેરા ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૪૦૭નો સંપર્ક કરી શકાશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ :

સહી/-
કમિશનરવતી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૩૩૧/૨૦-૨૧

